**_Dr. Kirit Somaiya_**
**B.Com, FCA, Ph.D.**
**Ex-Member of Parliament**
*Member, BJP National Executive*
*Vice President, BJP Maharashtra*

**Bharatiya Janata Party**
**भारतीय जनता पार्टी**

***PRESS STATEMEN - FOR FAVOUR OF PUBLICATION***

# મતદાર બનો-મતદાર સંપર્ક ઝુંબેશ
# ડો. કિરીટ સોમૈયાની હેલ્પલાઈન

ભારતમાં પહેલી વાર રાજકીય ચળવળકર્તાએ અત્યાધુનિક અને મતદાર મૈત્રીપૂર્ણ હેલ્પલાઈન શરૂ કરી છે. ડો. કિરીટ સોમૈયાએ સર્ચ મોડ સાથે હેલ્પલાઈન (નં. ૬૭૮૨૪૭૦૦) શરૂ કરી છે. ઈશાન મુંબઈના રહેવાસીઓ આ થકી મતદાન માટે તેમનાં નામ, મતદાર અનુક્રમ, ભાગ નંબર, મતદાન મથકનું નામ જેવી વિગતો મેળવી શકે છે.

આ હેલ્પલાઈનમાં ૧૮ વર્ષ પૂરાં કર્યાં હોય (૧-૧-૧૯૯૧ પૂર્વે જન્મ) તેવા યુવાનોને મતદાર તરીકે નોંધણી કરાવવા માર્ગદર્શન પણ અપાયું છે.

ડો. સોમૈયાની હેલ્પલાઈન નવા રહેવાસીઓને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવવા માટે સહાયરૂપ બને છે.

ચૂંટણીપંચે મુંબઈ અને મહારાષ્ટ્રમાં મતદાર નોંધણી કેન્દ્ર શરૂ કર્યાં છે. મતદાર બનો ઝુંબેશ ૨૪ નવેમ્બર સુધી ચાલશે. ડો. સોમૈયાએ મતદારોને તેમની મતદાર અનુક્રમ અને ફોટો આઈડીની સ્થિતિ તપાસી લેવા માટે અનુરોધ કર્યો છે.

સૌપ્રથમ મત આપવા જનારા મતદારે ફોર્મ ૬ ભરવાનું રહેશે. ફોટો આઈડી માટે ફોર્મ ૧એ અને ૧ બી ભરવાનું રહેશે. વિગતો www.kiritsomaiya.com, www.ceo.maharashtra.gov.in વેબસાઈટ પરથી મળશે.

વધુ માહિતી અને સહાય માટે મતદારો kirit@vsnl.in ઉપર ઈ-મેઈલ કરી શકે છે.

દરમિયાન ભાજપે અજોડ મતદાર સંપર્ક ઝુંબેશ ઈશાન મુંબઈમાં શરૂ કરી છે. ભાજપી કાર્યકરો આ થકી મતદારોનો સંપર્ક કરે છે અને તેમને મતદાર પત્ર/ મતદાર કાર્ડ દર્શાવતી વિગતો આપી રહ્યા છે, જે મતદાર યાદીમાં દર્શાવવીમાં આવી છે.

***Press Secretary***

**BJP Office :** ● 11, Ashoka Road, New Delhi 110 001

➔**Please Reply :** 9C, Neelam Nagar, Mulund (E), Mumbai 400 081- Tel21639649/21634152
(M)9869220027 ● Fax : 21637432 - Email: kirit@vsnl.in, neelamnagar@rediffmaill.com
Website : www.kiritsomaiya.com